## બિન સરકારી સંકલ્પ ક્રમાંક –૩ અંગેની સ્પીચ

# વન નેશન – વન રેશનકાર્ડ

**માનનીય અધ્યક્ષશ્રી,**

માનનીય ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન વાઘેલા સંકલ્પ લાવ્યા છે ત્યારે **વન નેશન – વન રેશન** અંતર્ગત આપણા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં કોઈ નાગરિકને રેશનીંગ માટે કોઈ અન્ય જગ્યાએ જવું ના પડે અને સ્થાનિકે સરળતાથી રાશન મેળવી શકે તેવી સુંદર વ્યવસ્થા ગોઠવી છે ત્યારે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં, રાજ્યના જરૂરિયાતમંદ લોકોને અન્ન સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા દર માસે **'રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો–૨૦૧૩'** (NFSA) હેઠળ સમાવિષ્ટ **'અંત્યોદય'** કાર્ડધારકો તથા **'અગ્રતા ધરાવતા કુટુંબો'** (PHH) મળી કુલ **૭૨ લાખ** થી વધુ રેશનકાર્ડ ધારકોની **૩.૫૫ કરોડ** જનસંખ્યાને **'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'** અંતર્ગત વિનામુલ્યે ઘઉં અને ચોખાનું જાન્યુઆરી–૨૦૨૩થી વિતરણ કરવામાં આવી રહેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

**'રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો–૨૦૧૩'** હેઠળ સમાવિષ્ટ સમગ્ર દેશના **૮૦ કરોડ** થી વધુ લાભાર્થીઓને અન્ન સુરક્ષા સરળતાથી પુરી પાડવા માટે તથા માનનીય વડાપ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના **'ડિજિટલ ઇન્ડિયા'** ના સંકલ્પને પૂર્ણ કરવા માટે ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં **'વન નેશન, વન રેશનકાર્ડ'** યોજનાની અમલવારી કરવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત N.F.S.A હેઠળ સમાવિષ્ટ સમગ્ર દેશના **૮૦ કરોડ** પૈકી કોઇપણ લાભાર્થી સમગ્ર દેશના કોઇપણ સ્થળે આવેલ કોઇ પણ વ્યાજબી ભાવની દુકાનેથી પોતાના અંગૂઠા/આંગળીની છાપ દ્વારા કે આધાર ઉપર રજીસ્ટર થયેલ મોબાઇલ પર O.T.P દ્વારા પોતાની આધાર આધારિત ઓળખ પ્રસ્થાપિત કરી પોતાને મળવાપાત્ર અનાજનો જથ્થો વિનામૂલ્યે મેળવી શકે તે માટે ઓગસ્ટ–૨૦૧૯ માં **'વન નેશન વન રેશનકાર્ડ'** યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ભારત સરકાર દ્વારા આ યોજનાની પ્રરંભિક તબકકાની અમલવારી ઓગષ્ટ–૨૦૧૯ માં સમગ્ર દેશમાં **ચાર રાજ્યો** માટે કરવામાં આવેલ, જેમાં **ગુજરાત અને મહારાષ્ટ્ર** રાજ્ય વચ્ચે પોર્ટેબીલીટી દ્વારા વિતરણ વ્યવસ્થા અમલમાં મુકવામાં આવેલ હતી.

વર્ષ–૨૦૨૦માં કોરોના મહામારીના લીધે સમગ્ર દેશમાં લાગુ પડેલ લોકડાઉનના કારણે શ્રમિકો, પરપ્રાંતિય મજુરોને મુશ્કેલી ના પડે તે માટે ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં **'વન નેશન વન રેશનકાર્ડ'** યોજના લાગુ પાડવામાં આવેલ. જે–તે સમયે **દિલ્હી, પશ્ચિમ બંગાળ, છતીસગઢ** જેવા રાજયો જોડાયેલ ન હતા, પરંતુ તબકકાવાર આ રાજ્યો અને બાકીના **કેન્દ્ર શાસિત** પ્રદેશો જોડાતાં હાલ સમગ્ર દેશના NFSA હેઠળ સમાવેશ કરાયેલ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળી રહેલ છે.

**માનનીય અદયક્ષશ્રી,**

**'વન નેશન વન રેશનકાર્ડ'** યોજના હેઠળ સમગ્ર દેશ લેવલે અને રાજ્ય લેવલે એમ બે પ્રકારની પોર્ટેબિલિટી છે રાજ્યો રાજ્યો વચ્ચેની પોર્ટેબિલિટી એટલે કે, સમગ્ર દેશના કોઈપણ રાજ્યના લાભાર્થીઓએ  ગુજરાત રાજ્યમાં રેશન લીધેલ હોય તેની વિગતો તથા ગુજરાત રાજ્યના લાભાર્થીઓએ દેશના અન્ય કોઈ રાજ્યમાં લાભ લીધેલ હોય તેવી વિગતોનો સમાવેશ થાય છે.

**રાજ્યમાં આંતરિક પોર્ટેબિલિટી** એટલે કે, ગુજરાત રાજ્યમાં જ એક જિલ્લા/તાલુકા/શહેર કે ગામમાં રહેતા લાભાર્થીઓએ તે જ ગામ કે અન્ય ગામ/શહેર/તાલુકા કે જિલ્લાએની **અન્ય કોઈપણ** વાજબી ભાવની દુકાનેથી અનાજનો જથ્થો મેળવેલ હોય તેવી વિગતોનો સમાવેશ થાય છે.

આમ, **'વન નેશન વન રેશનકાર્ડ'** યોજના હેઠળ દેશના/રાજ્યના કોઈ પણ લાભાર્થી કોઈપણ  રાજયના કોઈ પણ જીલ્લા/તાલુકા/ગામની વાજબી ભાવની દુકાનેથી તેને મળવાપાત્ર આવશ્યક ચીજવસ્તુનો જથ્થો આધાર આધારિત ઓળખ પ્રસ્થાપિત કરી મેળવી શકે છે. તેમજ ગુજરાત રાજયના લાભાર્થી પણ અન્ય રાજ્યમાંથી પોતાની આધાર આધારિત ઓળખ પ્રસ્થાપિત કરી જથ્થો મેળવી શકે છે.

સ્થળાંતર થતા લાભાર્થીએ **'વન નેશન વન રેશનકાર્ડ'** યોજના માટે નવુ કોઈ રેશનકાર્ડ કઢાવવાનું રહેતુ નથી તેમનુ હયાત રેશનકાર્ડ જ ઉપયોગમાં લઈ શકાય છે. પોતાનુ સરનામુ બદલાયા વગર દર માસે કોઈ પણ વાજબી ભાવની દુકાનેથી પોતાના અંગુઠા કે આંગળીના **બાયોમેટ્રીક ટ્રાન્ઝેકશન** વડે મળવાપાત્ર જથ્થો સરળતાથી મેળવી શકે છે, જેથી પરપ્રાતિંય શ્રમિકો/વતનથી દૂર કામ અર્થે જતા લાભાર્થીઓ સરળતાથી **અનાજ મેળવી** પોતાનુ ગુજરાન ચલાવી શકે છે.

**માનનીય અદયક્ષશ્રી,**

આજે લાભાર્થીનો અંગૂઠો જ તેનું **રેશનકાર્ડ** છે. લાભાર્થી વતનથી દુર હોવા છતાં તેઓના રેશનકાર્ડ પર મળવાપાત્ર અનાજનો જથ્થો સરળતાથી મેળવી શકે છે. વધુમાં, કોઇ લાભાર્થીના કુટુંબના **અમુક સભ્યો બીજે રહેતા હોય** અને અમુક સભ્યો ગામમાં હોય તો તેઓ આંશિક જથ્થો પણ મેળવીને યોજનાઓ લાભ મેળવી શકે છે.

**વન નેશન વન રેશનકાર્ડ** યોજનાના લાભ લેવા અંગેની વિગતવાર માહિતી છેવાડાના લોકો સુધી સરળતાથી પહોંચે તે માટે ભારત સરકાર દ્વારા **'मेरा राशन'** મોબાઇલ એપ્લીકેશન જુદી જુદી પ્રાદેશિક ભાષામાં તૈયાર કરવામાં આવેલ છે. જેના દ્વારા લાભાર્થી પોતાનું રજીસ્ટ્રેશન પણ કરી શકે છે. તદ્ઉપરાંત પોતાની નજીકની વાજબી ભાવની દુકાન અંગેની વિગતો, પોતાને મળવાપાત્ર જથ્થાની વિગતો, રેશનકાર્ડ સબંધિત વ્યવહારોની છેલ્લાં છ માસની માહિતી વગેરે આંગળીના ટેરવે ઝડપથી મેળવી શકે છે.

**માનનીય અદયક્ષશ્રી,**

રાજ્ય સરકાર દ્વારા 'मेरा राशन' મોબાઈલ એપ્લીકેશનના આધારે **'My Ration'** મોબાઈલ એપ્લીકેશન અમલી બનાવેલ છે, જેમાં ભારત સરકાર ઉપરાંત રાજ્ય સરકારની યોજનાનો પણ સમાવેશ કરેલ છે. જેમાં આવશ્યક ચીજવસ્તુ હેઠળ ***મળવાપાત્ર જથ્થો, મેળવેલ જથ્થાની વિગત, વિતરણનું પ્રમાણ, કિંમત, છેલ્લા છ માસની બિલ-રસીદ, નજીકની વાજબી ભાવની દુકાનનું નામ-સરનામું, રેશનકાર્ડને લગતી વિગત, ફરીયાદ નિવારણ, હેલ્પલાઈન*** જેવી સુવિધાઓ મોબાઈલ એપ્લીકેશનમાં ઉપલબ્ધ કરાયેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્યો–રાજ્યો વચ્ચે અને **રાજ્યોની આંતરિક પોર્ટેબિલિટી** વ્યવહારોને પ્રોત્સાહન આપવા તેમજ પોર્ટેબિલિટીનો ઉપયોગ વધારવા અને વધુને વધુ લોકો સુધી જાણકારી પહોંચાડવા માટે વિવિધ વર્તમાન સમાચાર પત્રોમાં વિતરણ–પ્રમાણની જાહેરાત સમયાંતરે પ્રકાશિત કરવામાં આવે છે.

હાલમાં દરેક વાજબી ભાવની દુકાન ધારકોના ઈ–FPS લોગ–ઈન એપ્લિકેશનમાં પોર્ટેબિલિટી સંબંધિત સંદેશ–સમાચાર પ્રદર્શિત કરવામાં આવી રહ્યા છે, જેથી વાજબી ભાવની દુકાન ધારકોમાં પણ પોર્ટેબિલિટી વિશે જાગૃતિ લાવી શકાય છે.

રાજય સરકાર દ્વારા G.I.D.C તથા અન્ય ઔધોગિક વસાહતો, બંદરો, રેલ્વે, પરપ્રાંતિય વસ્તી ધરાવતાં સ્થળો ખાતે વિવિધ કેમ્પ કરવામાં આવે છે, જેથી આ યોજનાનો લાભ **મહત્તમ** લાભાર્થી સુધી પહોંચી શકે તે માટે પુરતા પ્રચાર/પ્રસારની કામગીરી કરવામાં આવે છે.

**રાજયના ગ્રામ્ય વિસ્તારના નાગરિકો** સુધી આ યોજનાની માહિતી પહોંચે અને **વધુને વધુ લોકો** આ યોજનાનો લાભ લઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા **“વિકસિત ભારત સંકલ્પ યાત્રા”** દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં **પેમ્ફલેટ** છપાવીને પુરતા પ્રચાર/પ્રસારની કામગીરી કરવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગત વર્ષ જાન્યુઆરી–૨૦૨૩ થી ડિસેમ્બર–૨૦૨૩ સુધી રાજયમાં **‘નેશનલ પોર્ટેબીલીટી’** એટલે કે, એક રાજયથી બીજા રાજ્ય મુજબ **કુલ ૧,૧૬,૪૮૮** જેટલા ટ્રાન્જેક્શન નોંધાયેલ છે તથા **‘સ્ટેટ પોર્ટેબીલીટી’** હેઠળ **૨૪,૬૫,૭૯૮** જેટલા ટ્રાન્જેક્શન નોંધાયેલ છે. આમ, આટલા કુટુંબોએ તેમના રેશનકાર્ડ જે દુકાન સાથે જોડાયેલ દુકાનના બદલે અન્ય જગ્યાએથી સરળતાથી રેશન મેળવે છે.

આમ, **વન નેશન વન રેશનકાર્ડ** યોજના સમગ્ર દેશની જાહેર વિતરણ વ્યવસ્થામાં **ક્રાંતિકારી પરિવર્તન લાવનારી યોજના** બની રહેલ છે.

માન. સદસ્યશ્રીના સંકલ્પ સ્વીકારીએ છે.